ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આવતીકાલે વર્ષનો સૌથી લાંબો દિવસ

ગાંધીનગર, તા. ૧૯

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદબિંદુને સપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ તા. ૨૦મી માર્ચે દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો છે. તા. ૨૧મી જૂન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે.

સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી હોય છે. તેના કારણે તા. ૨૧મી જૂને દિવસ લાંબામાં લાંબો એટલે કે અમદાવાદ સમય મુજબ દિવસ ૧૩ કલાકને ૩૦ મિનિટનો જાવા મળશે. જ્યારે રાત્રિ ૧૦ કલાકને ૩૦ મિનિટના સમયગાળામાં રહેશે. તા. ૨૨મી જૂનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડ પ્રમાણે ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય-સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડના તફાવતથી ફેરફાર દિવસ-રાત્રિ જોવા મળશે.

વધુ ૨૧મી જૂન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયન કહેવામાં આવે છે. દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા, ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારીત હોય છે જે સતત બદલાતા રહે છે.

● અનુસંધાન પાન-૭ પર



વડીલોની સભા - ગાંધીનગરના અનેક સ્થાનો પર મુકાયેલા બાંકડા વડીલો માટે આશીર્વાદરૂપ બન્યા છે... બગીચાઓમાં અને ચાર રસ્તાઓ પર 'સી' આકારમાં મૂકાયેલા બાંકડાઓ વડીલોની સભા માટે સાનુકૂળ બન્યા છે... ઉનાળાની સાંજે વડીલો જીવનના પ્રસંગો અને જગતના પ્રસંગોને ખુલ્લા મને વાગોળે છે... ક્યારેક રાજનિતીની તો ક્યારેક સમાજનિતીની ચર્ચાઓ કરતા વડીલોને જોવાનો પણ એક લ્હાવો હોય છે... અનુભવવાણીનો નિરંતર પ્રવાહ નગરમાં વહ્યા કરે છે... એ નગરનું સદ્ભાગ્ય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર કલ્ચરલ ફોરમના દ્વિ-દશાબ્દિ વર્ષ નિમિત્તે નગરને નવું નઝરાણું

## કલ્ચરલ સ્કૂલ ઓફ ડાન્સ તથા ડ્રોઈંગ-પેઈન્ટીંગનો રથયાત્રાથી શાનદાર શુભારંભ : લબ્ધ પ્રતિષ્ઠિત કલાકારોની ઉપસ્થિતિમાં વિશ્વ વિખ્યાત ગુજરાતી કલાકારો ધ્વારા વિશેષ કાર્યક્રમોની પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સ્થાપનાનું ધ્વિ-દશાબ્દિ વર્ષ ઉજવી રહ્યું છે. આ નિમિત્તે કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સ અને કલ્ચરલ સ્કૂલ ઑફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગનો રથયાત્રાના પવિત્ર પર્વથી તા. ૨૯મી જૂનથી શુભારંભ થઈ રહ્યો છે. સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનની સાથોસાથ ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચન અને સભ્ય-સુસંસ્કૃત સમાજના નિર્માણ માટે પ્રતિબધ્ધ ગાંધીનગર કલ્ચરલ ફોરમ યુવાનો, બાળકો અને તમામ વર્ગના-વય જૂથના નાગરિકો માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે.

**ગાંધીનગરના નાગરિકોને આમંત્રણ કાર્ડ મેળવી લેવા અનુરોધ**

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ આજે વિગતો આપતાં જણાવ્યું તું કે, ગત વર્ષે કલ્ચરલ સ્કૂલ ઑફ એકિંટગમાં ૧૦૦ થી વધુ યુવાનો-બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. પરફોર્મીંગ આર્ટની સાથોસાથ લલીત કલાઓમાં પણ બાળકો - યુવાનોને પધ્ધતિસરનું શ્રેષ્ઠ શિક્ષણ આપી શકાય એ હેતુથી આ વર્ષે અન્ય બે નવા કોર્સ શરૂ થઈ રહ્યા છે. ૭-૭ મહિનાના આ બે કોર્સમાં કોઈ પણ બાળકો અને યુવાનો "વેશ મેળવી શકશે.

રથયાત્રાના પાવન પર્વે - તારીખ ૨૯મી જૂનને રવિવારે સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગરના ટાઉનહોલમાં અમદાવાદની સુ"સિધ્ધ નૃત્ય સંસ્થા નૃત્યભારતીના સ્થાપક સુશ્રી ઈલાક્ષીબેન ઠાકોર, કદમ્બના સુશ્રી કુમુદિનીબેન લાખિઆ, જાણિતા કવિ અને ચિત્રકાર શ્રી માધવ રામાનુજ, લોકપરંપરાના તજજ્ઞ શ્રી જોરાવરસિંહ જાદવ તથા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના પ્રિન્સિપાલ ફાધર હેક્ટરની ઉપસ્થિતિમાં યોજાનારા શુભારંભ સમારોહમાં ગુજરાતના વિશ્વ પ્રસિધ્ધ કલાકારો એક કલાકનો વિશેષ રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કરશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના આ ત્રણેય અભ્યાસક્રમોમાં ગુજરાતના જાણિતા કલાકારો "શિક્ષણ આપશે.

કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સમાં છ મહિનાના અભ્યાસક્રમમાં ૧૪ વર્ષથી વધુ વયના યુવાનોને પ્રવેશ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર કલ્ચરલ ફોરમ ધ્વારા નાગરિકો માટે અર્ક વ્યાખ્યાનમાળા

ગાંધીનગર, તા. ૧૮

સંદેશા વ્યવહારથી ધમધમતા આ સમયમાં અનેક ઉપકરણો અને માધ્યમોથી આખા વિશ્વ સાથે સતત જોડાયેલા રહેતા આપણે આપણી જાતથી જ જૂદા પડી ગયા છીએ. ગાંધીનગર કલ્ચરલ ફોરમ જાત સાથે જોડાવાનો અવસર લઈને આવ્યું છે. જીવન જીવવાનું અર્ક મળી રહે એ હેતુથી ગાંધીનગર કલ્ચરલ ફોરમ આ વ"થી અર્ક વ્યાખ્યાનમાળાનો આરંભ કરી રહ્યું છે. આગામી તારીખ ૧૩મી જુલાઈને રવિવારે, સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગર ટાઉનહોલ ખાતે અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત ગુજરાતના જાણીતા ચિંતક - સર્જક અને વક્તા શ્રી ગુણવંતભાઈ શાહનું વક્તવ્ય યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે, અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત યોજાનારા વક્તવ્યો ગાંધીનગરના તમામ નાગરિકો માટે ખુલ્લા રહેશે. વાત - વિચાર અને વ્યાખ્યાનથી મનનું મંથન થશે અને આપણી જ નાભિમાંથી આપણને જીવન જીવવાનું અર્ક મળી રહેશે.

## યુવાનોના સર્વાંગી વિકાસ માટે કલ્ચરલ યુવા ફોરમની સ્થાપના

ગાંધીનગર, તા. ૧૮

યુવાનોના સર્વાંગી વિકાસ માટે "તિબધ્ધ ગાંધીનગર કલ્ચરલ ફોરમ સ્થાપનાના દ્વિ-દશાબ્દિ વર્ષ નિમિત્તે ગાંધીનગર કલ્ચરલ યુવા ફોરમની રચના કરી રહ્યું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે, વર્ષ દરમિયાન યુવાનોમાં અભિવ્યક્તિ, વક્તવ્ય અને વ્યવસ્થાપન કૌશલ્ય કેળવાય એવા કાર્યક્રમો, સેમિનાર, વર્કશૉપ વગેરેનું આયોજન કરીને વ્યક્તિત્વ વિકાસ માટે પ્રયત્નો કરાશે.

પ્રવર્તમાન સમાજ રચનામાં યુવાનો પાસેથી ઘણી મોટી અપેક્ષાઓ છે ત્યારે યુવાનો મોબાઈલ અને ગેજેટ્સમાં જ માત્ર અટવાયેલા ન રહે અને વોટ્સ એપ સ્ટેટસ કે ફેસબુક સ્ટેટ્સની સાથોસાથ પોતાના વ્યક્તિત્વને પણ અપડેટ કરે એ અત્યંત જરૂરી છે. ૧૮ થી ૩૦ વર્ષની વયના યુવાન-યુવતિઓને ગાંધીનગર કલ્ચરલ યુવા ફોરમમાં જોડાવાનું આહ્વાન છે.

# ગાંધીનગરમાં પુનઃ આકરી ગરમી

## છેલ્લા ત્રણ-ચાર દિવસોથી વરસાદની રાહ જોઈ રહેલા વસાહતીઓ નિરાશ : મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના વસાહતીઓને આકરી ગરમીથી રાહત મળે તેવા આસાર હમણાં દેખાતા નથી. છેલ્લા ત્રણ ચાર દિવસોથી આકાશમાં વાદળો ઘેરાતા વરસાદની થોડીક આશા બંધાઈ હતી. જો કે વરસાદ પડયો ન હતો આજે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચી જતા વસાહતીઓ ગરમીથી પરેશાન થઈ ગયા હતા. બફારાએ પણ હેરાન કર્યા હતા.



(તસવીર : દિપક જાની)

આકરી ગરમી અને ભારે બફારાથી ગાંધીનગરને ટૂંક સમયમાં મુકિત મળે એવું લાગતું નથી. ગયા અઠવાડિયે બે ત્રણ દિવસ આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા હતા અને પવનની ગતિ પણ ખુબ વધી હતી. ઠંડો પવન ફુંકાવવાનો શરૂ થયો હતો. થોડાક દિવસ આવો માહોલ રહ્યા બાદ હવે પુનઃ વાતાવરણ પલ્ટાયું છે અને આકરી ગરમી શરૂ થઈ ગઈ છે. ગુરૂવારે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી નોંધાયું હતું. જયારે લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી જેટલું ઉંચુ નોંધાતા વસાહતીઓ બફારાથી અકળાયા હતા. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૩૮ ટકા રહ્યું હતું. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છને બાદ કરતા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનો માહોલ બંધાયો છે.

વાવાઝોડાની અસર હેઠળ પડેલા વરસાદ બાદ હવે નૈઋત્ય ચોમાસાનો કરંટ જોવા મળી રહ્યો છે. પરિણામે જુનાગઢ જિલ્લામાં સાર્વત્રિક તથા પોરબંદર, રાજકોટ જિલ્લાના અમુક તાલુકામાં વરસાદ પડી શકે છે. અપર એર સાયકલોનિક સર્કયુલેશન હોવાના કારણે વરસાદના સાનુકુળ સંજોગો છવાયા છે.

હવામાન વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ 'નેનોક' વાવાઝોડાએ ચોમાસાની ગતિ ધીમી પાડી દીધી છે. જો કે ફરી સૌરાષ્ટ્રના દરિયામાં ચોમાસુ કરંટ જોવા મળી રહ્યો છે. પરિણામે અગાઉ જુનાગઢ જિલ્લામાં ભારે વરસાદ પડયા બાદ ફરી સાર્વત્રિક વરસાદના સંજોગો ઉભા થયા છે.

આ ઉપરાંત જુનાગઢ જિલ્લા આસપાસના વિસ્તારો પોરબંદર, રાજકોટ જિલ્લાના અમુક તાલુકામાં વરસાદ પડી શકે છે.

વાવાઝોડાના કારણે ભેજનું પ્રમાણ ઓછું થઈ જવાથી ચોમાસાની ગતિ મંદ પડી હતી. ફરી સાનુકુળ વાતાવરણ બન્યું છે જેથી ચોમાસુ આગળ વધ્યું છે. હાલ ગુજરાતથી કર્ણાટક સુધી ઓફ સોર ટર્ફ છવાયેલું છે. સાથો સાથ સૌરાષ્ટ્રના આકાશ તરફ ૩.૨ થી ૫.૨ કી.મી. ઉપર અપર એર સાયકલોનિક સરકયુલેશન છવાયું છે. પરિણામે વરસાદના ઉજળા સંજોગો છે. આજે અને કાલે જુનાગઢ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડવાની સંભાવના છે ત્યારબાદ ચોમાસુ કરંટ આગળ વધે તેવી સંભાવના છે અને સમગ્ર સૌરાષ્ટ્ર સહિત રાજયમાં વરસાદ પડવાની સંભાવના છે. વરસાદ પડવાના સાનુકુળ સંજોગો બનતા ખેડુતો સહિત નગરજનો ખુશખુશાલ છે.

# સે-૨૪ અને ૩૦માં પાણીની લાઈન નાંખવા ૩૬ લાખ ખર્ચાશે

## હરસિધ્ધ નગર, ગોલ્ડન પાર્ક અને જાગૃતિ સોસાયટીના ઉંચાણવાળા વિસ્તારમાં ફોર્સથી પાણી મળશે

ગાંધીનગર, તા.૧૯

સે-૨૪ અને સે-૩૦માં પાણીની પોકાર ડામવા રૂ. ૩૬ લાખના ખર્ચે પાણીની પાઈપલાઈનનું કામ હાથ ધરાશે. સેકટરના ઉંચાણવાળા વિસ્તારમાં ઉનાળામાં દર વર્ષે પાણીની સમસ્યા પેચીદી બનતા તંત્ર દ્વારા ટૂંકમાં પાઈપલાઈનનું કામ હાથ ધરાશે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ મોટાભાગના સેકટરોમાં પાણીની સમસ્યા હળવી થઈ ગઈ છે. આમ છતાં આકરી ગરમીના દિવસોમાં વધતા પાણીના વપરાશની સાથે શહેરના ઉંચાણવાળા વિસ્તારોમાં પાણીની પોકાર ઉઠવા પામે છે. સે-૨૪ હરસિધ્ધનગર તેમજ સે-૩૦ના ગોલ્ડનપાર્ક અને જાગૃતિ સોસાયટીમાં છેલ્લા કેટલાક વર્ષોથી પાણી ફોર્સથી ન આવતું હોવાની વ્યાપક ફરિયાદોના લીધે સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં દર વર્ષે આ સોસાયટીઓમાં ફોર્સથી પાણી ન મળતું હોવાની બૂમરાણ ઉઠવા પામે છે. આ મામલે સે-૨૪ના સ્થાનિક કોર્પોરેટર પ્રવિણાબેન દરજી તેમજ સુરેશ મહેતા દ્વારા અગાઉ રજૂઆત પણ કરવામાં આવી હતી. સેકટરની આ સોસાયટીઓ ઉંચાણવાળા વિસ્તારમાં હોવાથી પાણી ફોર્સથી ન આવતું હોવાનો આક્રોશ પણ વ્યકત કરાયો હતો. જેના અંતે તંત્ર દ્વારા આ સોસાયટીમાં પાણીનો પ્રશ્ન હલ કરવા મેઈન લાઈનમાંથી જોડાણ આપતી ફીડ અપ લાઈનનું કામ હાથ ધરવા આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી પાછળ રૂ. ૩૬ લાખનો ખર્ચ કરવામાં આવશે જેના પરિણામે આ વિસ્તારમાં પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ આવશે. પાણીની સમસ્યા ડામવા વધારાની લાઈન નાંખવાનું કામ શરુ કરવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ટૂંકમાં કામગીરી શરુ કરી દેવાશે.



બગીચાની દયાજનક હાલત - સેક્ટર-૨૮માં સેક્ટરના મધ્યમાં આવેલા બગીચાની હાલત દયાજનક બની રહી છે... બાળકોના રમતગમતના સાધનો લાચાર અવસ્થા ભોગવી રહ્યા છે... એકપણ ખૂણો બગીચો હોય એવી સાબિતી આપતો નથી... આપણી વ્યવસ્થામાં શરૂઆત સુંદર હોય છે પરંતુ એની જાળવણીમાં આપણે સતત પછડાતા હોઈએ છીએ... દરેક સેક્ટરમાં બાળકોને રમવા માટે બગીચા બનાવવાની કલ્પના અને તેની શરૂઆત નગરની એક આદર્શ સ્થિતિ હતી... આજે આ બગીચાઓ જાણે રણ બની ગયા હોય તેવી સ્થિતિમાં છે... આવી સ્થિતિ આ એક બગીચાની નથી શહેરના અન્ય બગીચાઓની પણ આવી જ સ્થિતિ છે... તંત્ર ઝડપથી નગર કલ્યાણની દિશામાં કાર્યાન્વિત થાય એવી અપેક્ષા નગરજનો રાખે છે... જેટલું ધ્યાન નિર્માણમાં અપાય છે એટલું જ ધ્યાન જો નિભાવણીમાં અપાય તો ગાંધીનગરની શોભામાં સોનામાં સુગંધ ભળ્યા જેવું બની રહેશે... (તસવીર : દિપક જાની)

# કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આવેદન-પત્ર અપાશે

## ૧૫ થી વધુ પ્રશ્નો રજુ કરાશે; ફિક્સ પગારના કર્મચારીઓના પ્રશ્નો પણ આવેદન-પત્રમાં સમાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતના સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે આગામી સપ્તાહમાં કર્મચારી મંડળો દ્વારા રાજ્ય સરકારને આવેદન-પત્ર આપી રજુઆત કરવા માટેનો તખ્તો તૈયાર થઈ રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

૧૫ થી પણ વધુ પ્રશ્નોને આવરી લઈ આવેદન-પત્ર તૈયાર કરવામાં આવી રહ્યાનું પણ કર્મચારી સંગઠ્ઠનના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આ માટે મુખ્યમંત્રીશ્રી, નાણાંમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી સહિતના સૌનો સમય માંગવાની દિશામાં ચક્રો ગતિમાન કરાયાનું પણ આ સૂત્રોએ સમર્થન કર્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૫ સુધીમાં વયમર્યાદાની નિવૃત્તિનું પ્રમાણ વધુ હોવાથી લોકોના પ્રશ્નો અને વહીવટીય કામગીરી પર તેની વિપરીત અસર ના પડે તે વાતનો ઉલ્લેખ કરી પ્રશ્નોની રજુઆત કરવામાં આવનાર છે.

જે પ્રશ્નો સમાવવામાં આવે તેમાં શિક્ષણ ભથ્થુ આપવા, મેડીકલેઈમની વિસંગતતાઓ, ફિક્સ પગારના કર્મચારીઓને પણ મેડીકલ તેમજ સી.એલ., ટી.એ.ડી.એ. સહિતના લાભો આપવા જેવી બાબતોના પ્રશ્નોનો સમાવેશ થાય છે. ફિક્સ પગારના કર્મચારીઓ માટે જે સમયગાળો નિયત કરાયો છે તેમાં ઘટાડો કરવાની બાબત પણ સમાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આવેદન-પત્રના મુદ્દાઓ આગામી બે થી ત્રણ દિવસમાં આખરી થઈ જશે અને આગામી સપ્તાહમાં તે રાજ્ય સરકાર સમક્ષ રજુ કરાશે. સરકાર આ પ્રશ્નો અંગે સકારાત્મક અભિગમ અપનાવશે તેવો વિશ્વાસ પણ સંગઠ્ઠનના આગેવાનો ધરાવી રહ્યા છે.

દરમ્યાન સચિવાલયમાં વર્ગ-૧ના અધિકારીઓના એસોસીએશનને પુનઃ જીવીત કરવાના ચક્રો પણ ગતિમાન થયા છે. કર્મચારીઓની બઢતીના નિયમો તેમજ પ્રવર્તતા યાદીના પ્રશ્નો પણ ઝડપથી ઉકલે તેવો આગ્રહ આવેદન-પત્રમાં કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# શ્રેણિકભાઈ શેઠનું લાંબી માંદગી બાદ અવસાન

## મુખ્યમંત્રી સહિત રાજકીય આગેવાનોની અંજલિ : નારાયણી ફાર્મ નજીક સ્થિત કોટેશ્વર ખાતે તેમના બંગલામાં મૃતદેહ રખાયા બાદ તમામની શ્રદ્ધાંજલિ

અમદાવાદ, તા.૧૯

કસ્તુરભાઈ લાલભાઈના પુત્ર આનંદજી કલ્યાણજી પેઢીના વડા શ્રેણીક કસ્તુરભાઈનું આજે સવારે અમદાવાદમાં લાંબી માંદગી બાદ અવસાન થયુંહતું. અંતિમ સંસ્કાર કરતા પહેલા તેમના પાર્થિવ દેહને અપોલો હોસ્પિટલની સામે નારાયણી ફાર્મ નજીક કોટેશ્વર ખાતે તેમના બંગલામાં રાખવામાં આવ્યા બાદ લોકો ઉમટી પડ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહાજન પરંપરાના જૈન શ્રેષ્ઠી અને વરિષ્ઠ જિવદયા પ્રેમી-સખાવતી શ્રેણિક કસ્તુરભાઈના દુઃખદ અવસાન અંગે ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલિ પાઠવી છે. આનંદીબેન પટેલે સદગતના શોકસંપતપ્ત પરિવારને પાઠવેલા શોકસંદેશામાં સ્વ. શ્રેણિકભાઈએ મહાજન પરંપરા આજીવન નિભાવી તેનો ઉલ્લેખ કરી તેમના જિવદયા પ્રેમીની પ્રસંશા કરી છે.

ગુજરાત વિધાનસભાના નેતા શંકરસિંહ વાઘેલાએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે, શેઠ શ્રેણિકભાઈ કસ્તુરભાઈના દુઃખદ નિધનથી એક સાહસિક ઉદ્યોગપતિ અને ઉમદા વ્યક્તિત્વએ આપની વચ્ચેથી વિદાય લીધી છે. સતત મહેનત અને દીર્ઘદ્રષ્ટિકોણ સાથે સફળ ઉદ્યોગપતિની નામના મેળવનાર શ્રેણિકભાઈના જવાથી શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે એક દાનવીર ગુમાવ્યા છે. તેમણે જીવન પર્યત વિવિધ સંસ્થાઓમાં પ્રમુખપદ સંભાળીને નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમના નિધનથી ગુજરાતને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુએ સ્વ. શ્રેણિકભાઈ કસ્તુરભાઈના અવસાનથી શોકની લાગણી અનુભવી શ્રધ્ધાજંલિ અર્પી છે. સ્વ. શ્રેણિકભાઈ અમદાવાદ શહેરના અગ્રણી ઉદ્યોગપતિઓમાંના એક હતા. જેઓ જૈન સમાજમાં એક આગવું સ્થાન ધરાવતા હતા.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com